# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

## ટેન્ડર નોટિસ

જુના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો તથા કોમ્પ્યુટર્સ અને
તેને લગતી આઇટમોના વેચાણ માટેની ટેન્ડર નોટિસ

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા યુનિવર્સિટીના જુદા-જુદા વિભાગોના **જુના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો તથા કોમ્પ્યુટર્સ અને તેને લગતી આઇટમોને** વેચાણ કરવાનાં હોવાથી તે માટે બંધ કવરમાં ટેન્ડર્સ મંગાવવામાં આવે છે. ટેન્ડર્સની શરતો સાધનોના નામ, ટેન્ડર ફી/ઈએમડી વગેરેની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ : www.spuvvn.edu/tenders ઉપરથી ડાઉનલોડ કરવાની રહેશે.

ટેન્ડર્સ સ્વીકારવાની છેલ્લી **તારીખઃ ૨૧-૦૭-૨૦૨૫**

તારીખ : ૦૭-૦૭-૨૦૨૫ કુલસચિવ

# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## ટેન્ડર ફોર્મ

## કામકાજની વિગત

**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફથી જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં) ના વેચાણ આપવાની કામગીરી.**

| | | | |
|---|---|---|---|
| ૧ | કામગીરીનું સ્થળ | :- | જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ તથા તેને લગતી આઈટમો / જૂના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો યુનિવર્સિટીના યુસીક વિભાગ ખાતે જોવા મળશે. |
| ૨ | માલિક | :- | કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી |
| ૩ | પેઢીનું નામ તથા સરનામું | :- | |
| ૪ | ટેન્ડર ફી | :- | રૂા.૧,૦૦૦/- (D.D., કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના નામે) (મળવાપાત્ર નથી) |
| ૫ | અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) | :- | રૂા.૧૦,૦૦૦/- (D.D., કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના નામે) (વ્યાજ વિના મળવાપાત્ર.) |
| ૬ | જરૂરી દસ્તાવેજો સહિત ટેન્ડર સ્વિકારવાની અંતિમ તારીખ | :- | ૨૧-૦૭-૨૦૨૫ |
| ૭ | ટેન્ડર ઓપન કરવાની તારીખ/ સ્થળ | :- | ટેન્ડર ઓપન કરવાની તારીખઃ ૨૨-૦૭-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે યુનિવર્સિટીના I.Q.A.C. હોલ (રૂમ નં. ૩૦૭) માં રાખવામાં આવેલ છે. |
| પેઢીઓએ ટેન્ડર ઓપન કરવાના દિવસે હાજર રહેવા વિનંતી. | | | |

- સદર ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો, જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં)ના નામ તથા અન્ય વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ www.spuvvn.edu/tenders પરથી ડાઉનલોડ કરી શકાશે. ડાઉનલોડ કરેલ ટેન્ડર ફોર્મ જમા કરાવતી વખતે જરુરી ટેન્ડર ફી અને EMD જમા કરાવવાની રહેશે, અન્યથા તે ટેન્ડર રદ કરવામાં આવશે.
- ભાવ ભરનાર પેઢીઓએ યુનિવર્સિટીના યુસીક વિભાગની રૂબરૂ મુલાકાત લઈને જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં)ના જોઈ/તપાસીને જ ભાવ ભરવાના રહેશે.

**ચાલુ....**

- આ સાથે જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ તથા તેને લગતી આઈટમો બિડાણ-(૧) તથા જૂના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો બિડાણ - (૨) વેચાણ આપવાના છે.
- જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ તથા તેને લગતી આઈટમો માટે પેઢીઓએ એકજ ટેન્ડર ફોર્મમાં તેમજ જૂના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો માટે ભાવ અલગથી ભરવાના રહેશે.
- ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફી રૂા. ૧,૦૦૦/- તથા EMD રૂા. ૧૦,૦૦૦/- ના ડિમાન્ડ ડ્રાફ્ટ 'કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર' ના નામે બનાવી કવરમાં જોડવાના રહેશે.

## <u>ટેન્ડરની શરતો</u>

ઉપરોકત કામગીરી બાબતે નીચેની શરતોને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) સદર જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં)ના યુસીક વિભાગમાંરૂબરૂ સ્થળ પર જોવાનો સમય યુનિવર્સિટીના કામકાજના સમય દરમિયાન સવારના ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધીનો રહેશે.

(૨) ભરેલું ભાવપત્રક બંધ કવરમાં તથા કવર પર ' જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં)ના વેચાણ લેવાના ભાવ' એમ લખવું જરુરી છે, નિયત સમયમર્યાદા બાદ આવેલ ભાવપત્રકો તથા ઉપર દર્શાવ્યા મુજબ ટેન્ડર ફી/અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ભર્યા સિવાયનું/શરતી ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહિ.

(૩) ભરેલ ભાવપત્રક 'કુલસચિવ (યુ.જી.સી. વિભાગ), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦, જી : આણંદ (ગુજરાત)' ના સરનામે **<u>તારીખઃ ૨૧-૦૭-૨૦૨૫</u>** સુધીમાં પરત કરવા.

(૪) ભાવ મંજૂર થયા બાદ પેઢીએ ૫૦% રકમ તરત જ ભરવાની રહેશે. બાકીની ૫૦% રકમ માલસામાન ઉઠાવતા પહેલા (એક અઠવાડિયામાં) ભરવાની રહેશે.

(૫) જે તે વિભાગ માટે તમામ વેચાણ આપવાના જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ અને તેને લગતી આઈટમો તથા વૈજ્ઞાનિક સાધનો (જ્યાં છે ત્યાં)ના ભાવ ભરવા.

(૬) એક અથવા બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેના તમામ હક્ક યુનિવર્સિટીને અબાધિત રહેશે.

(૭) જે પેઢીના ભાવ મંજૂર થશે તેઓને શરત નંઃ ૪ મુજબનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૮) જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ તથા તેને લગતી આઈટમો માટે આપના ઉંચામાં ઉંચા ભાવ બિડાણ-૧ (Annexure-I) માં દર્શાવેલ Sheet માં છેલ્લા ખાનામાં ભરવા અને વિભાગોના જૂના બિનઉપયોગી વૈજ્ઞાનિક સાધનો માટે આપના ભાવ બિડાણ-૨ (Annexure-II) માં દર્શાવેલ Sheet માં તમામ સાધનો માટે વિભાગવાર કુલ ભાવ ભરવાના રહેશે.

(૯) જૂના બિનઉપયોગી કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ તથા તેને લગતી આઈટમો માટે બીડર પાસે GPCB કે CPCB ના E-Waste ના માન્ય Recycler અંગેનું રજીસ્ટ્રેશનની નકલ જોડવાની રહેશે. રજીસ્ટ્રેશન વગરના બીડરનું ટેન્ડર રદ ગણવામાં આવશે.

(૧૦) માલસામાન જ્યાં છે ત્યાં અને તે જ સ્થિતિમાં આપવામાં આવશે.

(૧૧) જે બીડરનાં ભાવ <u>H1</u> હશે તેનું ટેન્ડર મંજુર કરવામાં આવશે.

(૧૨) માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી બીડરની રહેશે અને ઓર્ડર મળ્યાના દિન - ૧૦ માં માલસામાન ઉપાડવાનો રહેશે.

ચાલુ...

(૧૩) જે બીડરની ઑફર સ્વીકારવામાં આવશે તેમની અથવા તેઓનાં જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીનાં પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઑફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઈ જવાનો રહેશે.

(૧૪) **નીચેના સંજોગોમાં અર્નેસ્ટ મની ડિપોઝીટ(EMD) ની રકમ જપ્ત કરવામાં આવશે.**

- માલસામાન ઉપાડતી વખતે સંસ્થાનાં માલમિલકતને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ અર્નેસ્ટ મની ડિપોઝીટ(EMD)ની રકમમાંથી વસુલ કરવામાં આવશે.
- યુનિવર્સિટી દ્વારા વેચાણ અંગેનું ઓર્ડર આપ્યા બાદ અસંમતિ દર્શાવશો તો

તથા

- સમયમર્યાદામાં માલસામાન ઉપાડવામાં વિલંબ કરશો તો.

(૧૫) સરકારી નિયમ અનુસાર આપવામાં આવેલ ભાદ ઉપરાંત GST અલગથી લાગુ પડશે તથા લાગુ પડતો GST સરકારશ્રીમાં જમા કરાવી તે અંગેનું ચલણની નકલ અત્રે જમા કરાવવાની રહેશે. જે તે તમામ ચૂકવવાપાત્ર વેરા (GST) લાગુ પડશે.

(૧૬) E-Waste ના નિકાલ વખતે પાસબુકમાં એન્ટ્રી કરાવી સહી સિક્કા કરાવી તેની નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારનાં પ્રવર્તમાન ધોરણો મુજબ E-Waste નો નિકાલ કરવાનો રહેશે. તેમજ E-Waste રિસાયકલ કર્યા બાદ તે અંગેનું સર્ટિફીકેટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

“અમોએ સદર ટેન્ડર - ડોક્યુમેટસનો અભ્યાસ કરીને તથા ટેન્ડરમાં દર્શાવેલ સ્થળની રૂબરૂ મુલાકાત લઈને તેમજ ટેન્ડરની શરતો વાંચી/સમજીને અમારા ઉચામાં ઉચા ભાવો આપવા સંમત છીએ.”

ફોન નં. (ઓ) : પેઢીનું નામ તથા સહી/સિક્કો

મોબાઈલ નંબર :